ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૨ અંક ૧૩૬ તારીખ ૧૦-૦૨-૨૦૧૬ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા




# એફએમસીજી શેરો માટે પતંજલિનો ખતરો

ભારત અને વિશ્વના બજારો હવે કરેક્શન પતાવીને નવી તેજી તરફ આગળ વધવા મથી રહ્યા છે. ગયા અઠવાડિયા દરમ્યાન આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવ વધીને ૩૩ ડોલર થતાં તે પાછળ ઓઈલ અને ગેસ શેરોમાં ઉછાળો જોવાયો અને તેને કારણે અમેરિકન બજારો વધ્યા હતા. તેમ છતાં રશિયા અને સાઉદી અરેબિયા ઉત્પાદન ઘટાડવા સહમત થશે કે કેમ તે હજી સ્પષ્ટ નથી થતું. રશિયાના પ્રધાન હજી પણ સાઉદી અરેબિયા સાથે સમજૂતી કરવા વિશ્વાસ ધરાવે છે. પરંતુ હજી સુધી કોઈ ડેવલપમેન્ટ થતું ન હોવાથી અને અમેરિકામાં ક્રૂડ ઈન્વેન્ટરી વધી ગઈ હોવાથી ક્રૂડનો ભાવ ફરી એક વખત ઘટ્યો, અને તેની પાછળ શુક્રવારે અમેરિકન બજારોમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવાયો હતો.

અમેરિકન બજારોમાં ભલે નબળાઈ અને વેચવાલીનું દબાણ હોય, પરંતુ વિશ્વનું આ સૌથી મોટું અર્થતંત્ર કે જેને કારણે સને ૨૦૦૮ અને ૨૦૦૯માં વૈશ્વિક મંદી શરૂ થઈ હતી, તે સ્પષ્ટ રીતે મજબૂતી દર્શાવે છે. અમેરિકામાંથી મળતાં તમામ આર્થિક સંકેતો એકદમ પોઝિટીવ છે. સ્મોલ બિઝનેસ રોજગારીના આંકડા પણ અપેક્ષા કરતાં ઘણાં જ સારા આવ્યા છે, અને નવી રોજગારીમાં ૦.૨૯ ટકાનો વધારો થયો છે.

સામે પક્ષે પ્રાઈવેટ સેક્ટરની રોજગારીના આંકડા પણ જાન્યુઆરીમાં અર્થશાસ્ત્રીઓની અપેક્ષા કરતાં વધારે સારા આવ્યા છે, અને જાન્યુઆરીમાં ૨૦૫૦૦૦ નવી રોજગારી ઉમેરાઈ, અને સાથે સાથે ભલે સને ૨૦૦૯ પછી સૌથી ખરાબ મહિનો અમેરિકન શેરબજાર માટે જાન્યુઆરીનો રહ્યો હોય, પરંતુ વોલસ્ટ્રીટની કંપનીઓએ પણ જાન્યુઆરીમાં ૧૯૦૦૦નો વધારો સ્ટાફ સંખ્યામાં કર્યો છે, અને તે બાબત શેરબજારના ખેલાડીઓ હજી પણ બુલીશ હોવાનું દર્શાવે છે. મેન્યુફેક્ચરિંગ ઈન્ડેક્સ તો વધ્યો છે, પરંતુ અમેરિકન અર્થતંત્રમાં જેનું સૌથી વધારે મહત્ત્વ છે તે ઓટોમોબાઈલ સેક્ટરમાં પણ જાન્યુઆરીના આંકડા ખૂબજ પ્રોત્સાહક આવ્યા છે. ઉત્તર અમેરિકાની સૌથી મોટી કંપની જનરલ મોટર્સે સને ૨૦૧૫માં વિક્રમી નફો દર્શાવ્યો છે, અને ચાલુ વર્ષે પણ વધારે સારા આંકડા માટે જનરલ મોટર્સની મેનેજમેન્ટ વિશ્વાસ ધરાવે છે. અમેરિકાની આ સૌથી મોટી ઓટોમોબાઈલ કંપની છે, અને તેણે વોલસ્ટ્રીટની ૧.૨૧ ડોલરની અપેક્ષા સામે ૧.૩૯ ડોલરની શેરદીઠ કમાણી મેળવી છે, અને જ્યારે ઓટોમોબાઈલ સેક્ટર આવું મજબૂત હોય તો સ્વાભાવિક છે કે અમેરિકન અર્થતંત્ર પણ મજબૂત છે તેમ કહી શકાય.

વૈશ્વિક અર્થતંત્ર માટે અમેરિકાના આંકડા સમજવા ખૂબજ મહત્ત્વના છે. કારણ કે આ એકજ અર્થતંત્રની નબળાઈને કારણે વિશ્વ આખું મંદીમાં ખૂંપી ગયું હતું અને તે જ અમેરિકન અર્થતંત્ર આ વખતે ભારત અને વૈશ્વિક બજારોને મંદીમાંથી બહાર લાવી શકશે તેમ સ્પષ્ટ રીતે કહી શકાય.

**ચીન અંગેનો ગભરાટ ઘટતો જાય છે.**




સામે પક્ષે ચીન અંગેનો ગભરાટ ઘટતો જાય છે. જે રીતે જાપાનમાં સ્ટિમ્યુલસ પેકેજ જાહેર થયું તે રીતે આવતાં થોડાં દિવસોમાં ચીન પણ જંગી સ્ટિમ્યુલસ પેકેજ લાવશે તેવી ગણતરી છે.

સામે પક્ષે ભારતીય અર્થતંત્રમાં મેન્યુફેક્ચરિંગ અને સર્વિસીસ સેક્ટરના આંકડા ઘણાં સુંદર આવ્યા છે. જાન્યુઆરી મહિના દરમ્યાન ભારતના મેન્યુફેક્ચરિંગમાં ખૂબ સુંદર બાઉન્સ બેક જોવાયું. અગાઉ એપ્રિલ-૨૦૧૩માં પર્ચેઝીંગ મેનેજિંગ ઈન્ડેક્સ ૫૧ના લેવલ ઉપર હતો તે અત્યારે વધીને ૫૧.૧૦ના લેવલ ઉપર આવ્યો છે, અને ૮ પાયાના ઉદ્યોગોમાં ડિસેમ્બર મહિના દરમ્યાન ઉત્પાદનમાં ૦.૯ ટકાનો વધારો થયો છે. આગલા મહિને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ૧.૩ ટકાનો ઘટાડો થયો હતો.

સામે પક્ષે સર્વિસીઝ સેક્ટરમાં પણ સુધારાનો ટ્રેન્ડ જળવાઈ રહ્યો છે. સર્વિસીઝ પીએમઆઈ જાન્યુઆરીમાં ૧૯ મહિનાના ટોપ ઉપર આવી ગયો છે. ડિસેમ્બરના ૫૩.૬૦ની સામે જાન્યુઆરીમાં સર્વિસીઝ ઈન્ડેક્સ ૫૪.૩૦ના લેવલ ઉપર છે, અને તેને અર્થતંત્ર વધારે ઉંચા ગીઅરમાં દાખલ થયું હોવાનું કહી શકાય.

સામે પક્ષે કરવેરાની વસૂલાતમાં પણ ખૂબ સુંદર ઉછાળો જોવાયો છે. સને ૨૦૧૫-૧૬ના એપ્રિલથી ડિસેમ્બરના સમયગાળામાં કરવેરાની વસૂલાત રૂ. ૬૨૨૨૪૭ કરોડ થઈ ગઈ છે. જે અગાઉના સમયગાળાની સરખામણીમાં મજબૂત વૃદ્ધિ દર્શાવે છે. જ્યારે આ સમયગાળામાં સરકારની ખાધ ૩૨૨૨૩૪ કરોડ છે, અને બાર મહિનાના ખાધના અંદાજ સામે ૮૧.૮૭ ટકાનું લેવલ જ જોવાયું છે. આજથી એક વર્ષ અગાઉ આખા વર્ષની ખાધનો અંદાજ પ્રથમ ૯ મહિનામાં જ ટચ થઈ ગયો હતો. તેવી જ રીતે પ્લાન ખર્ચમાં પણ વધારો થયો છે, અને બિન પ્લાન ખર્ચમાં પણ ગયા વર્ષનું લેવલ જળવાઈ રહ્યું છે, અને ખાસ મોટો ઉછાળો નથી જોવાતો.

સામે પક્ષે મ્યુચ્યુઅલ ફંડો દ્વારા જાન્યુઆરી મહિનામાં પણ નેટ રૂ. ૭૦૦૦ કરોડનું રોકાણ કરાયું છે. આમ, એક તરફ વિદેશી ફંડો ભારતીય શેરબજારમાંથી પૈસા પાછા ખેંચી રહ્યા છે, જ્યારે મ્યુચ્યુઅલ ફંડો દ્વારા રૂ. ૭૦૦૦ કરોડ રોકવાને કારણે શેરબજારમાં વેચવાલીનું દબાણ નહિવત્ જોવાય છે. સપ્ટેમ્બર-૨૦૧૫ પછી જાન્યઆરી-૨૦૧૬માં મ્યુચ્યુઅલ ફંડોએ સૌથી વધારે નેટ ઈન્વેસ્ટમેન્ટ ભારતીય શેરબજારોમાં કર્યું છે.

આમ, વિવિધ આર્થિક સંકેતો પોઝિટીવ છે, અને કંપનીઓના પરિણામો પણ કોઈ રીતે નબળા નથી આવ્યા. ભલે ટોપલાઈન અને બોટમલાઈનમાં મોટો ઉછાળો નથી, પરંતુ સામે પક્ષે નફામાં ઘટાડાનો તબક્કો પણ નથી દેખાતો, અને તે બાબત રાહત આપી જાય છે. કેવળ ઓટોમોબાઈલના વેચાણો થોડાંક ઘટ્યા છે, અને કદાચ તે માટે ડિસેમ્બરના વધારે વેચાણો પણ કારણભૂત હોઈ શકે, અને તેથી જાન્યુઆરીના ઓટોમોબાઈલના વેચાણોથી નિરાશ થવાને બદલે ફેબ્રુઆરી અને માર્ચના આંકડા જોયા પછી જ ટ્રેન્ડ નક્કી કરવો વધારે સલાહભરેલ છે.

સૌથી મહત્ત્વનું પાસું આઈપીઓ માર્કેટનું છે. સને ૨૦૦૯ પછી જાન્યુઆરી-૨૦૧૬નું શેરબજાર સૌથી વધારે નિરાશાજનક રહ્યું છે, અને રિટેલ લેવલ ઉપર કામકાજ એકદમ ઘટી ગયું હોવા છતાં પ્રાઈમરી માર્કેટ ઉપર તેની કોઈ જ અસર નથી તે પાસું પણ ધ્યાનમાં લેવું પડે. ગયા અઠવાડિયે એન્જિનિયર્સ ઈન્ડિયાની ઓફર ફોર સેલ પણ સુંદર રિસ્પોન્સ મેળવી ગઈ હતી, અને તે પછી ટીમલીઝનો આઈપીઓ પણ એનાલિસ્ટોની અપેક્ષા કરતાં જોરદાર સફળ રહ્યો. મોટા ભાગના એનાલિસ્ટોએ ટીમલીઝનો પ્રાઈસબેન્ડ તેની કમાણીની સરખામણીમાં ખૂબ ઉંચો હોવાનું દર્શાવ્યું હતું, અને તેમ છતાં આ સલાહને અવગણીને ઈન્વેસ્ટરોએ ટીમલીઝના આઈપીઓને ૬૬ગણો ભરી નાંખ્યો છે, અને તે જ દર્શાવે છે કે બજારમાં ભંડોળ છે, અને સારા શેરોને પૈસા મેળવવામાં કોઈ જ તકલીફ નથી પડતી. આ જ પ્રકારનો ટ્રેન્ડ નારાયણ હૃદયાલય અને અન્ય આઈપીઓમાં પણ જોવાયો છે, અને આ જ પ્રકારનો ટ્રેન્ડ નવા અઠવાડિયામાં ક્વીકહીલના આઈપીઓમાં પણ જોવાય તે સંભાવના મજબૂત છે.

બજાર જ્યારે વધતું હોય ત્યારે એનાલિસ્ટો અને ખેલાડીઓ એકદમ મૂડમાં આવી જતા હોય છે, અને સેન્સેક્સ ૨૭૦૦૦ ઉપર હોય ત્યારે દરેકને ૩૦૦૦૦ થઈ જશે તેવો વિશ્વાસ જ હોય છે. અત્યારે બજાર થોડુંક ઘટ્યું છે ત્યારે ઈન્વેસ્ટરો અને સાથે સાથે એનાલિસ્ટો પણ એકદમ ગભરાઈ ચૂક્યા છે, અને કેટલાક એનાલિસ્ટો કે જેમાં ટોચના ફંડ હાઉસનો પણ સમાવેશ થાય છે તેઓ નિફ્ટી ૬૬૦૦ આવી જશે તેવી વાતો પણ કરવા લાગ્યા છે. એક મંદીના ખેલાડીએ તો ૧૧૨૦વાળા લાર્સનમાં ૭૦૦નો ભાવ આવી જશે તેવી વાત પણ ઉત્સાહપૂર્વક કરી રહ્યા છે, અને તેથી આ પ્રકારની ગભરાટ અને પેનિકની વાતો સાંભળીની રિટેલ ઈન્વેસ્ટર એકદમ વેચવા લાગે તે સ્વાભાવિક છે. તેમ છતાં ટોચના બેન્ક શેરોમાં જે રીતે બોટમ આઉટ થઈને હવે અપટ્રેન્ડનો સંકેત મળી રહ્યો છે. તેવી જ રીતે લાર્સન વગેરે શેરોમાં પણ બોટમ આઉટ થઈને અપટ્રેન્ડનો સંકેત મળ્યો છે તે જોતાં હવે નિફ્ટીમાં અને બજારમાં મોટો ઘટાડો નહીં આવે તેમ કહી શકાય, અને કાંઈક અંશે ૬ મહિનાથી ૧ વર્ષના એંગલથી આ એકદમ યોગ્ય સમય આવ્યો છે તેમ પણ લાગે છે, અને તેમાં મારી પસંદગી ખૂબ ઘટી ગયેલા બેન્ક શેરોમાં છે.

## પાવર સેક્ટર

વાસ્તવમાં અર્થતંત્રના સ્લોડાઉનની નહિવત્ અસર પાવર સેક્ટરને થઈ છે. મંદીના ખેલાડીઓ ચોક્કસ દલીલ કરી શકે કે ઉદ્યોગો ઓછા ચાલે તો વીજળીની માંગ ઘટે, અને તેથી નફો પણ ઘટી શકે. પરંતુ ભારતના પાવર જનરેશનમાં નફાનો આંકડો એક અલગ ફોર્મ્યુલાના આધારે નક્કી થાય છે અને તેમાં મૂડીરોકાણ મહત્ત્વનો પાયો છે, અને આ ફોર્મ્યુલાની રીતે જોઈએ તો અત્યારના માહોલમાં પાવર શેરો એકદમ સલામત બેટ કહી શકાય. મોટા ભાગના પાવર જનરેશન શેરો અત્યારે ખૂબ નીચા વેલ્યુએશન ઉપર ચાલી રહ્યા છે, અને તેથી તેમની ઉપર ફોકસ વધારી શકાય.

**એનટીપીસી** ભારત સરકાર હસ્તકની અને દેશની સૌથી મોટી પાવર જનરેશન કંપની છે. આ શેર માટે યોગ્ય ભાવ રૂ. ૨૦૦ ઉપરનો છે, અને તેમ છતાં લગભગ ૨ વર્ષથી આ શેર રૂ. ૧૨૦-૧૫૦ની રેન્જમાં જ વધઘટ બતાવે છે. તાજેતરમાં રૂ. ૧૪૨ થયા પછી એનટીપીસી ફરી એક વખત રૂ. ૧૨૪ ઉપર મળી રહ્યો છે. આ શેરમાં ૬ મહિનાના એંગલથી થોડું રોકાણ કરી શકાય અને બેન્ક વ્યાજ કરતાં વધારે રિટર્ન આપી જશે.

આ જ પ્રકારે **ટાટા પાવર** રૂ. ૬૦ના ભાવે ખૂબ આકર્ષક છે. થોડાં દિવસો પહેલાં જ રૂ. ૬૮-૬૯ ઉપર હતો અને તે પછી અત્યારે ઘટીને રૂ. ૬૦માં મળી રહ્યો છે. ૧૫ ટકાનું રિટર્ન આવતાં ૨-૩ મહિનામાં જ આપી જવાની ગણતરી છે.

**અદાણી પાવર** પણ અત્યારના રૂ. ૨૬ના ભાવે કવર કરી શકાય. આ શેરનું ભાવિ પણ ખૂબ મજબૂત છે, અને તેમાં પણ આવતાં ૩ મહિનામાં ૧૫ ટકા રિટર્નની જગ્યા દેખાય છે.

રૂ. ૪૭ના ભાવે **રિલાયન્સ પાવર** અને રૂ. ૭૦-૭૧ના ભાવે **જેએસડબલ્યુ એનર્જી**ના શેર પણ આકર્ષક છે, અને જે રીતે જેએસડબલ્યુ એનર્જી ૬૦૦૦ મેગાવોટ ક્ષમતા હાંસલ કરવા તરફ આગળ વધી રહી છે તે જોતાં આ શેરમાં અત્યારના ભાવે થોડું રોકાણ કરી શકાય.

**ટોરન્ટ પાવર** ખાસ ધ્યાન ખેંચી રહ્યો છે. એમ પણ અનેક ગુજરાતી રોકાણકારોએ છેલ્લાં થોડાં મહિના દરમ્યાન મોટા પાયે ટોરન્ટ પાવર ભેગાં કર્યા છે. ફંડામેન્ટલનો ખૂબ મજબૂત સપોર્ટ છે, અને ટોરન્ટ પાવરના ચાર્ટની મૂવમેન્ટ જોઈએ તો આ શેર ધીરે ધીરે રૂ. ૨૪૦-૨૬૦નો ભાવ બતાવી દે તે સંભાવના ખૂબ મજબૂત છે, અને તેથી હજી પણ ટોરન્ટ પાવર જાળવી રખાય. શેર કેવળ ૮.૪૨ના પીઈ રેશિયો ઉપર છે, અને તે દૃષ્ટિકોણથી પણ રૂ. ૨૬૦-૩૦૦નો ભાવ આ શેરમાં આવી જવાની ગણતરી છે.

આ જ પ્રકારને રૂ. ૪૫૦ ઉપર આવી ગયેલા **સીઈએસઈ**ના શેરમાં પણ થોડું રોકાણ કરી દેવાય. ગયા અંક એટલે કે અંક નં. ૪૫માં રૂ. ૪૩૧ના ભાવે ૧૨ મહિને બેસ્ટ તરીકે આ શેર લેવડાવેલો, અને હજી માંડ પાંચ સેશન પણ નથી થઈ અને આ શેરે રૂ. ૨૦નો ઉછાળો આપી દીધો છે. શેર ૬ મહિનાની રીતે લઈ શકાય, અને ઉપરમાં રૂ. ૧૦૦ વધવાની જગ્યા છે.

આ જ પ્રકારે **રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર** કે જે પાવર જનરેશન અને ડિસ્ટ્રીબ્યુશનમાં મોટું કામકાજ ધરાવે છે તેનો શેર પણ અત્યારના રૂ. ૪૩૭ના ભાવે મફત છે. છેલ્લાં થોડાંક દિવસો દરમ્યાન આ શેર સતત ઘટતો રહ્યો. પરંતુ હવે કરેક્શન પતાવીને આવતાં ૨ મહિનામાં ઝડપી ઉછાળો બતાવવા માટે તૈયાર થઈ ગયો છે. સિમેન્ટ યુનિટ રૂ. ૪૮૦૦ કરોડમાં વેચતા તે રાહત પણ આ શેરમાં દેખાશે, અને તેથી વધારે નહિ તો ૧૦-૨૦ રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૨ મહિના માટે લઈને મૂકી શકાય.

**અદાણી ટ્રાન્સમીશન** એક બીજો શેર છે કે જેમાં ગુજરાતી રોકાણકારોનું આકર્ષણ વધતું જાય છે. દિવાળી અંકમાં રૂ. ૨૦ આસપાસના ભાવે અદાણી ટ્રાન્સમીશન પકડી લેવાનું કહ્યું હતું, અને તે પછી રૂ. ૪૦ થઈ અત્યારે રૂ. ૩૩ ઉપર છે. આ શેર સહેજ જાળવવાની રીતે લઈ લેવાય, અને તેમાં ૩૦ ટકા એટલે કે રૂ. ૪૦નો ભાવ આવી જવાની ગણતરી છે.

રૂ. ૧૨.૮૫ના ભાવે **ઓરીએન્ટ ગ્રીન**નો શેર ધ્યાન ખેંચે છે. આ કંપની શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફિનાન્સ ગ્રૂપની છે, એટલે પ્રમોટરો ખૂબજ વિશ્વાસપાત્ર અને ગ્રીન એનર્જીના બિઝનેસમાં કામકાજ ઝડપથી વધારી રહી છે. જાળવવો પડશે તે તૈયારી સાથે રૂ. ૧૨.૮૫માં થોડાંક શેર લઈને મૂકી દેવાય. મલ્ટીબેગર સાબિત થવાની ગણતરી.

રૂ. ૧૪૨માં **પાવરગ્રીડ**નો શેર પણ આકર્ષક છે. જંગી મૂડીરોકાણ કરી રહી છે, અને તેનો ફાયદો નવા વર્ષની નફાશક્તિ ઉપર દેખાશે. અત્યારના રૂ. ૧૪૫ના ભાવે બાર મહિના માટે જ રોકાણ કરવું. શોર્ટટર્મમાં રિટર્ન સામાન્ય રહેવાની ગણતરી છે.

## મેટલ સેક્ટર

આંતરરાષ્ટ્રીય બજારોમાં મેટલમાં થોડો સુધારાનો ટ્રેન્ડ શરૂ થતાં જ ભારતીય મેટલ શેરોમાં લેવાલી વધી છે. રૂ. ૬૬ ઉપર આવ્યો ત્યારે અનેક ઈન્વેસ્ટરોએ **વેદાંતા** પકડ્યા હતા, કારણ કે આ કંપનીનું સાચું મૂલ્ય રૂ. ૨૦૦ ઉપરનું છે. પરંતુ અત્યારે મેટલ સસ્તી થઈ હોવાથી શેર પણ તે મુજબ ઘટે ત્યારે યોગ્ય તક માનીને અનેક ઈન્વેસ્ટરોએ આ શેર કવર કર્યા છે. રૂ. ૭૩ ઉપર આવી ગયો અને હજી પણ આ શેરમાં રોકાણ જાળવી શકાય. શોર્ટટર્મમાં જ રૂ. ૭૮-૮૦ ઉપર આવી જવાની ગણતરી છે.

તેવી જ રીતે ગયા અઠવાડિયે **હિંદુસ્તાન ઝીંક**ના શેરમાં પણ અપટ્રેન્ડ ચાલુ જ રહ્યો છે. અત્યારે રૂ. ૧૬૮ ઉપર છે, અને આંતરરાષ્ટ્રીય બજારમાં ઝીંકમાં સુધારો ચાલુ રહેતાં આ શેરમાં પણ સુધારો ચાલુ રહેવાની ગણતરી છે.

પરંતુ હજી પણ મેટલ સેક્ટરમાં બે શેરો ઘણાં જ નીચા વેલ્યુએશન ઉપર છે. ગુરૂવારે સાંજે **ટાટા સ્ટીલ**માં રૂ. ૨૦૦૦ કરોડનું નુકસાન આવતાં એક ટીવી ચેનલમાં શુક્રવારે ભાવ તૂટશે તેવું એનાલિસિસ અપાતું હતું, પરંતુ શુક્રવારે આ જ શેરે એકદમ ઉંધી ચાલ

(અનુ. પાના ૨ ઉપર)

## નટખટ નફાલાલ

### એલગી રબર

**ટાયરને રીથ્રેડ કરવા માટેનો કાચો માલ બનાવે છે, અને તે પણ ક્રૂડમાંથી જ મળે. રૂ. ૨૦નું બોટમ હતું અને એક તબક્કે રૂ. ૩૪નું ટોપ બતાવેલું. અત્યારે રૂ. ૨૮ ઉપર છે. ઝડપથી રૂ. ૩૫ બતાવે.**

**ઝડપથી રૂ. ૩૫-૦૦ બતાવે**

## એફઆઈઆઈ ટ્રેન્ડ

### વૈશ્વિક માર્કેટમાં ગભરાટ

બુધવારે અમેરિકામાં ફેડરલ રિઝર્વના ચેરમેન ચેનેટ જેલેન સેનેટમી કમિટી સમક્ષ અર્થતંત્ર અંગે પોતાનું મંતવ્ય દર્શાવશે. અમેરિકામાં ફેડરલ રિઝર્વ દ્વારા સોગંદપૂર્વક અર્થતંત્રનું ચિત્ર આપવાનું હોય છે, અને તેથી તેમનું સ્ટેટમેન્ટ એકદમ ભરોસાપાત્ર હોય તે સ્વાભાવિક છે, અને આ વખતના તેમના ચિત્રમાં અમેરિકન શેરબજારના સારા દેખાવની સાથે સાથે વૈશ્વિક માર્કેટની અસર કેવી નબળી છે તે પણ દર્શાવાશે, અને આ બાબત આવતાં દિવસોમાં વિશ્વભરના શેરબજારોમાં મોટી વધઘટ કરે તે સંભાવના છે.

રશિયા અને સાઉદી અરેબિયા વચ્ચે ઉત્પાદન ઘટાડવા સમજૂતી થશે તે ગણતરીએ ક્રૂડ વધતું હતું, પરંતુ ફરી એક વખત ક્રૂડ ઘટવાનું શરૂ થતાં અમેરિકાના ઓઈલ અને ગેસ શેરો ઘટવા લાગ્યા અને તેની અસર નીચે જાપાન અને ચીનના શેરબજારોમાં પણ અત્યારે વેચવાલીનું દબાણ છે. પરંતુ હવેના તબક્કે બજારો વધારે ઘટે નહિ અને બોટમઆઉટ થાય તે સંભાવના વધી રહી છે.

એફઆઈઆઈની થોડા પ્રમાણમાં વેચવાલી છે. પરંતુ મોટા પાયે એફઆઈઆઈની વેચવાલી આવે તે સંભાવના નથી દેખાતી. એમ જોઈએ તો રૂપિયો અને ડોલર પણ સ્થિર થયો હોવાથી તે પાસું પણ એફઆઈઆઈને આશ્વાસન આપી રહ્યું છે.

## DYNAMIC INDUSTRIES LIMITED

CIN : L24110GJ1989PLC011989
Regd Office :Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**Extract of Standalone Unaudited Financial Results for the Quarter /Nine months ended on 31st Dec. 2015**

(Rs. In Lakhs except earning per share)

| PARTICULARS | Quarter Ended 31.12.15 | Nine months ended 31.12.15 | Quater ended 31.12.14 |
|---|---|---|---|
| Total Income from operations (net) | 763.74 | 2834.72 | 766.72 |
| Net Profit/(Loss) from ordinary activities after tax | 12.63 | 123.46 | 14.90 |
| Net Profit /(Loss) for the period after tax (after Extraordinary items) | 12.63 | 123.46 | 14.90 |
| Equity Share Capital (Face Value Rs.10 each) | 302.85 | 302.85 | 302.85 |
| Reserves (excluding Revaluation Reserve as per Balance Sheet of previous year) | - | - | - |
| Earning Per Share(before extraordinary items)(of Rs.10 each) | | | |
| Basic | 0.42 | 0.49 | 4.08 |
| Diluted | 0.42 | 0.49 | 4.08 |
| Earning Per Share(after extraordinary items)(of Rs.10 each) | | | |
| Basic | 0.42 | 0.49 | 4.08 |
| Diluted | 0.42 | 0.49 | 4.08 |

**Notes:**

1.The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange website(http://www.bseindia.com/corporates/ann.aspx?scrip=524818%20&dur=A) and on website of the company at (http://dynaind.com/investors_zone.html).

2.The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on 9th February, 2016.

For, Dynamic Industries Ltd.
Sd/-
Deepak N. Chokshi
Managing Director
DIN : 00536345

Date : 09-02-2016
Place : Ahmedabad

## POLYLINK POLYMERS (INDIA) LIMITED

CIN :L17299GJ1993PLC032905
Regd. Office & Works : Block No. 229-230, Valthera, Tal - Dholka, Dist. - Ahmedabad-387810
Phone No.079-26427800 FAX No.079-26421864
Email: polylink@polylinkpolymers.com; website: www.polylinkpolymers.com

**Extract of Unaudited Results for the Quarter and nine months ended on 31st Dec. 2015**

(Rupees in Lacs)

| SR. NO. | PARTICULARS | Quarter Ended 31.12.15 | Year to date Figures for the current period ended 31.12.15 | Corresponding 3 months ended in the previous year 31.12.14 |
|---|---|---|---|---|
| 1. | Total Income from operations (net) | 875.10 | 2782.23 | 935.39 |
| 2. | Net Profit from ordinary activities after tax | 61.99 | 159.09 | 69.83 |
| 3. | Net Profit for the period after tax (after Extraordinary items) | 61.99 | 159.09 | 69.83 |
| 4. | Paid Up Equity Share Capital (face value Rs.5 each) | 1105.58 | 1105.58 | 1105.58 |
| 5. | Reserves excluding Revaluation Reserve as per Balance Sheet of previous accounting year * | - | - | - |
| 6. | Earning Per Share(before extraordinary items)(of Rs.5 each) | | | |
| | Basic | 0.28 | 0.72 | 0.32 |
| | Diluted | 0.28 | 0.72 | 0.32 |
| 7. | Earning Per Share(after extraordinary items)(of Rs.5 each) | | | |
| | Basic | 0.28 | 0.72 | 0.32 |
| | Diluted | 0.28 | 0.72 | 0.32 |

*** Reserves (excluding revalaution reserves) as shown in the Balance Sheet of the previous year (31st March, 2015) was Rs. (-)229.97 lacs.**

**Notes:**

1.The above Unaudited results of the Company were reviewed and recommended by the Audit Committee on 9th February 2016 and subsequently approved by the Board of Directors at its Meeting held on 9th February 2016. The Statutory Auditors of the Company have carried out a Limited Review of the aforesaid results.

2.The above is an extract of the detail format of quarterly/Nine Months financial results filled with the BSE limit under regulation 33 of SEBI ( Listing Obligation and Disclosure Requirement ) Regulation, 2015. The Full Format of the above financial results are available on the website of the Stock Exchange (BSE Limited) viz**www.bseindia.com** and on the Company's Website on **www.polylinkpolymers.com**.

For, Polylink Polymers (India) Limited
Sd/-
U.S. BHARTIA
CHAIRMAN
DIN : 00063091

Place : Noida
Date : 09-02-2016

# રણછોડભાઈ શું લાગે છે ?

- **આરસીએફ**, ભારત સરકારની કંપની, અને ખાતરના ઉત્પાદન અને ડિસ્ટ્રીબ્યુશનના બિઝનેસમાં છે. આ ઉપરાંત અસંખ્ય કેમિકલ્સનું પણ ઉત્પાદન. અને કેમિકલ્સ બજાર અત્યારે સુધારા તરફી. ક્રૂડ સસ્તું થયાનો ફાયદો પણ આરસીએફને મળી રહ્યો છે. રૂ. ૪૯ની બુકવેલ્યુ સામે શેર અત્યારે રૂ. ૪૦ના બોટમ ભાવ ઉપર છે. સરકાર પાસે જ ૮૦ ટકા માલ છે, અને રિટેલ ઈન્વેસ્ટર તો લગભગ વેચીને જ બહાર આવી ગયા છે. થોડાંક શેરો લઈને મૂકી દેવાય.
- **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફિનાન્સિયલ**, અત્યારે કંપની માટે થોડોક ખરાબ સમય છે. મુખ્યત્વે ટ્રેક્ટરો અને તે પછી એલસીવી અને એસયુવી માટે ધિરાણ આપવા માટેનું કામ કરે છે. પણ જ્યાં ટ્રેક્ટરના વેચાણો જ નબળા હોય અને ખેડૂતો મુશ્કેલીમાં હોય તો સ્વાભાવિક છે કે નફાશક્તિ અને ભાવ ઘટે, અને તે પાછળ શેર અત્યારે રૂ. ૩૦૦થી ઘટીને બાવન અઠવાડિયાના બોટમ રૂ. ૨૦૦ ઉપર આવી ગયો છે. પરંતુ ટ્રેક્ટર વગર અને ટ્રેક્ટર ધિરાણ વગર આ કૃષિપ્રધાન દેશ થોડો ચાલવાનો છે ? અને એટલે જ પૈસાની સગવડ હોય તો અત્યારના બોટમ ભાવે થોડાંક મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફિનાન્સિયલ લઈ શકાય.
- **પીએનબી ગીલ્ટ,** મુખ્યત્વે સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરે છે, અને જામીનગીરીના બજારભાવમાં વધઘટ થાય તેનો ફાયદો કમાય છે. ગયા ક્વાર્ટરમાં નફો ડબલ થઈ ગયેલો. બુકવેલ્યુ જ રૂ. ૪૦ છે, અને પંજાબ નેશનલ બેન્ક પાસે જ ૭૪ ટકા હોલ્ડિંગ છે, તેમ છતાં આ ગભરાટના માહોલમાં શેર બાવન અઠવાડિયાના બોટમ રૂ. ૨૩-૨૪ ઉપર આવી ગયો છે. જોખમ નહિવત્. માંડવાળના પણ ચાન્સ ઝીરો. થોડાંક શેર અત્યારના ભાવે લઈ શકાય.
- **સનટીવી નેટવર્ક,** મોદી સરકાર એમ તો સીધી નથી જ, અને પોતાના વિરોધી સન ટીવીને હેરાન કરવામાં કોઈ કારણ બાકી નથી રાખ્યું. તેમ છતાં કોર્ટનો મજબૂત સપોર્ટ,
- **ડીશ ટીવી**, સેટટોપ બોક્સ હવે ફરજિયાત થઈ ગયા છે, અને તે પાછળ ડીશ ટીવીની લવાજમ આવકોમાં તોતિંગ ઉછાળો, અને સાથે સાથે જાહેરાતો બતાવીને કમાઈ લે તે નફામાં. ટર્ન અરાઉન્ડ પરિણામો. અત્યારના રૂ. ૮૬ના ભાવે ઈન્વેસ્ટમેન્ટની રીતે થોડાંક શેરો લઈ શકાય. માર્કેટ મુખ્યત્વે ડીશ ટીવી, સીટી કેબલ અને ટાટા સ્કાય હસ્તક આવી ગયું છે, અને તેનો જોરદાર ફાયદો ડીશ ટીવીને આવતાં બે વર્ષમાં મળશે.
- **ઈરોઝ ઇન્ટરનેશનલ**, મોટા ભાગની બ્લોકબસ્ટર ફિલ્મોના રીલીઝમાં ઈરોઝ અલગ અલગ રીતે સંકળાયેલી દેખાશે. બીજી ૬૧ ફિલ્મો લોન્ચ કરવાની તૈયારીમાં છે. શેર અત્યારે ઘટીને રૂ. ૧૮૧ આસપાસ આવી ગયો છે. આ ભાવ એકદમ મફતનો કહી શકાય.